


# જિંદગીને ગંભીર રીતે લેવાની જરૂર નથી
# નવાઝુદ્દીન સિદ્દીકી

નવાઝુદ્દીન સિદ્દીકી ભારતીય સિનેમાના સૌથી બહુમુખી કલાકારોમાંનો એક છે, જે કળા પ્રત્યેના તેના અજોડ સમર્પણ માટે જાણીતો છે. તેની સફર અભિનય માટેના તેના ઉત્સાહને પ્રતિબિમ્બિત કરે છે જે તેણે ભજવેલા વિવિધ પ્રકારના પાત્રોમાં સપષ્ટપણે દેખાય છે. હાલમાં તે આદિત્ય ક્રિપલાનીની ફિલ્મ ‘મેં એક્ટર નહીં હું’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ફિલ્મમાં તેની સાથે લીડ રોલમાં ચિત્રાંગ્દા સતરૂપા છે. ફિલ્મમાં તેનું પાત્ર માનસિક તણાવમાંથી પસાર થાય છે તેના સંદર્ભમાં નાવાઝુદ્દીન અહીં મેન્ટલ હેલ્થ વિષે તેના વિચારો આપણી સાથે શેર કરે છે. ફિલ્મ ઉદ્યોગમાં રંગભેદ, પરંપરાગત કાસ્ટિંગના ધોરણો અને ભાષાની મર્યાદા વિષે પણ અહીં તે આપણી સાથે વાત કરે છે.

**તને શું લાગે છે કે બોલિવૂડમાં રંગભેદ કેટલો છે?**

બોલિવૂડમાં રંગભેદ ઘણો ઊંડે સુધી વિસ્તાર્યો છે. અહીં, કલાકારને તેની પ્રતિભાને આધારે નહીં પરંતુ, તેમના સ્કીન કલરને આધારે તક આપવામાં આવે છે. એવું કહેવાય છે કે, જો તમે વાંદાને મારો તો કોઈ તમને પૂછતું નથી પરંતુ જો તમે પતંગિયાને મારો તો બધા તમને સવાલ કરે છે. આવો ભેદ ઘણા ક્ષેત્રોમાં અસ્તિત્વ ધરાવે છે. મારું માનવું છે કે સુંદરતા શું છે તે તમારે પોતે નક્કી કરવું જોઈએ, તે નિર્ણય વ્યક્તિ એ પોતે લેવાનો છે. ભારતમાં ડાર્ક સ્કીન હિરોઈનને એવરેજ માનવામાં આવે છે જ્યારે પશ્ચિમી દેશોમાં તેને અલગ માનવામાં આવે છે. દરેકનો પોતાનો દ્રષ્ટિકોણ હોય છે. પરંતુ, સિસ્ટમમાં તેનું અસ્તિત્વ હોવું ન જોઈએ. તે ભલે ડાર્ક સ્કીન હોય, તે નેતૃત્વવ પણ કરી શકે છે, તે લીડ રોલ પણ કરી શકે છે. પરંતુ, આમાં તે લોકોની ભૂલ નથી. અત્યાર સુધી આવું જ બનતું આવ્યું છે. જો છોકરી ઉજળી હોય તો તેના વિષે વાર્તા લખાય છે, તે લીડ રોલમાં આવી જાય છે. તમને ખ્યાલ આવતો હશે. ઘણા લોકોને આ સંઘર્ષમાંથી પસાર થવું પડે છે.

શો-શા

**તને કઈ હિરોઈન સૌથી વધુ સુંદર લાગે છે?**

વ્યક્તિગત રીતે મેં સ્મિતા પાટીલ કરતા વધુ સુંદર કોઈને જોઈ નથી. કેમેરા પર તેમની કેદ કરાયેલી સુંદરતા અનોખી છે છતાં, તેમની ખરી સુંદરતા કેમેરા પર જ આધારિત નથી. સુંદરતાનો નિર્ણય એક કેમેરા લઇ શકતો નથી.

**તારી હાલમાં રીલીઝ થનારી ફિલ્મમાં તારું પાત્ર માનસિક તણાવમાંથી પસાર થાય છે. મેન્ટલ હેલ્થ વિષે તારું શું માનવું છે?**

સાચું કહું? હું જ્યાંથી આવું છું તે એક નાનકડું ગામડું છે. ત્યાં મેન્ટલ હેલ્થને આટલી મોટી પ્રોબ્લેમ માનવામાં આવતી નથી. મૂડ ખરાબ છે એમ કહેતા હતા. એક-બે દિવસમાં બધું બરાબર થઇ જશે એવું માનતા હતા. બાળક કે યુવાન છોકરો માનસિક તણાવમાંથી પસાર થતો હોય તો પણ કોઈને તેની પડી હોતી નથી. તેમને તેમના હાલ પર છોડી દેવામાં આવતા. કોઈને ખબર હોતી નથી કે મેન્ટલ હેલ્થ શું હોય છે. બધા એવું જ બોલે કે થોડું લો ફિલ કરે છે, બસ એટલું જ છે. અહીં આવ્યા પછી ખબર પડી કે આ ડીપ્રેશન અને એન્ઝાઈટી હોય છે જેની દવા કરવી પડે છે. સાચું કહું તો આ સાંભળીને હું ગભરાઈ ગયો હતો. આવું પણ કઈ હોય છે? જે આટલું ભયંકર હોય છે. અત્યાર સુધી મને કશી જ ખબર ના હતી જે હવે ખબર પડી.

**બોલિવૂડમાં રંગભેદ ઘણો ઊંડે સુધી વિસ્તાર્યો છે. અહીં, કલાકારને તેની પ્રતિભાને આધારે નહીં પરંતુ, તેમના સ્કીન કલરને આધારે તક આપવામાં આવે છે**

**આ વાત જાણ્યા પછી તારો જીવન પ્રત્યે કેવો અભિગમ કેળવાયો?**

મને શીખવા મળ્યું કે જિંદગીને વધારે ગંભીર રીતે લેવાની જરૂર નથી. હું ક્યારેય પોતાને, કે મારી એક્ટિંગને ગંભીર રીતે લેતો નથી. એક માણસ તરીકે પણ હું ગંભીર બનતો નથી.

**એવું સંભાળવામાં આવ્યું છે કે તું તારી સ્ક્રિપ્ટ દેવનાગરીમાં લેવાનું પસંદ કરે છે.**

તમે જે ભાષામાં કામ કરી રહ્યા છો તે ભાષામાં તમારી સ્ક્રિપ્ટ હોવી જોઈએ અને તમારે તે ભાષામાં બોલવું પણ જોઈએ. જો દેવનાગરીમાં સ્ક્રિપ્ટ મળે તો તે શીખવામાં અને યાદ રાખવામાં સરળ રહે છે. કારણ કે તે તમારી પોતાની ભાષા છે. મહારાષ્ટ્રના કોઈ અભિનેતાને મરાઠીમાં સ્ક્રિપ્ટ આપો તો તેને ઝડપથી યાદ રહી જશે. પરંતુ, જો રોમનમાં આપશો તો તે મુશ્કેલ બની જાય છે. વળી, ઉચ્ચારણમાં પણ મુશ્કેલી આવે છે.

**શું તને એવું લાગે છે કે અંગ્રેજી ન આવડતું હોવાને કારણે મુશ્કેલી પડે છે?**

પહેલાના કલાકારો અંગ્રેજી ન આવડતી હોવાને કારણે અસુરક્ષિતતા અનુભવતા હતા, પરંતુ, હવે માનસિકતા બદલાઈ છે. પોતાના સાથીદારોને સફળ થતા જોઇને તેમને પણ આત્મવિશ્વાસ મળ્યો છે અને આજે, કલાકારો અંગ્રેજીના અવરોધ વિના આરામથી અભિનય કરે છે. તમને કહું તો, દુનિયામાં તમે ફ્રેંચ સિનેમા જુઓ, તેઓ ઇંગ્લીશ બોલે છે, ઇટાલીયનો ઇટાલિયન ભાષા બોલે છે, જર્મન લોકો જર્મન ભાષા બોલે છે. દક્ષિણ ભારતના લોકોની વાત કરીએ તો કર્નાટકના લોકો, તમિલ બધા પોતાની ભાષા બોલે છે. તેથી શરૂઆતમાં અમને થોડો ડર હતો કે અમને અંગ્રેજી આવડતી નથી. પરંતુ હવે અમે અમારી ભાષામાં જ બોલીએ છીએ. દરેકે પોતાની ભાષામાં બોલવું જ જોઈએ. •

# ટીવી પછી સુનિલ શેટ્ટીને ફિલ્મોમાં કામ મળતું નથી?

બોલિવૂડના ‘અન્ના’ તરીકે જાણીતા લોકપ્રિય અભિનેતા સુનિલ શેટ્ટી છેલ્લા ત્રણ દાયકાથી પોતાની શાનદાર એક્શન, અદભુત કોમેડી અને ઉત્કૃષ્ટ અભિનય દ્વારા દર્શકોના દિલ પર રાજ કરી રહ્યા છે. તાજેતરના વર્ષોમાં તેમણે મોટા પડદાની સાથે-સાથે નાના પડદા એટલે કે ટીવીમાં કામ કર્યું છે. વર્ષ ૨૦૨૪માં તેઓ પ્રખ્યાત ડાન્સ રિયાલિટી શો ‘ડાન્સ દીવાને સીઝન 4 માં માધુરી દીક્ષિત સાથે મુખ્ય જજ તરીકે જોવા મળ્યા હતા.

આ શોમાં તેમની હાજરી અને સ્પર્ધકો પ્રત્યેનો તેમનો પ્રેમાળ સ્વભાવ લોકોને ખૂબ જ પસંદ પડ્યો. જોકે, જ્યારે પણ કોઈ મોટો બોલિવૂડ સ્ટાર ટેલિવિઝન રિયાલિટી શોમાં કાયમી જજ કે હોસ્ટ બને છે, ત્યારે સિનેમા જગત અને સોશિયલ મીડિયા પર અવારનવાર એક ચર્ચા શરૂ થઈ જાય છે: “શું હવે સુનિલ શેટ્ટીને ફિલ્મોમાં કામ મળતું બંધ થઈ ગયું છે એટલે તેઓ ટીવી તરફ વળ્યા છે?”

એક્ટર્સ લાઈફ

સુનિલની છેલ્લી ફિલ્મો અને તેમની આગામી ધમાકેદાર ફિલ્મની વિશે વાત કરીશું.

એક સમય હતો જ્યારે ભારતીય સિનેમામાં એવી માન્યતા હતી કે જો કોઈ મોટો કલાકાર ટેલિવિઝન પર દેખાવા લાગે, તો મોટા પડદા પર તેનો ક્રેઝ ઓછો થઈ જાય છે અથવા તેને ફિલ્મોમાં કામ મળતું નથી. પરંતુ આજના આધુનિક યુગમાં આ માન્યતા તદ્દન ખોટી સાબિત થઈ છે.

અમિતાભ બચ્ચન વર્ષોથી ‘કૌન બનેગા કરોડપતિ’ હોસ્ટ કરે છે અને સાથે-સાથે સુપરહિટ ફિલ્મો પણ આપે છે. સલમાન ખાન ‘બિગ બોસ’ દ્વારા નાના પડદા પર રાજ કરે છે અને તેમની ફિલ્મો પણ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવે છે.

રોહિત શેટ્ટી અને કરણ જોહર જેવા દિગ્ગજ દિગ્દર્શકો પણ ટીવી શો જજ કે હોસ્ટ કરે છે.

સુનિલના કિસ્સામાં પણ એવું જ છે. ‘ડાન્સ દીવાને 4’ માં જજ બનવાનો તેમનો નિર્ણય કોઈ મજબૂરી નહતી, પરંતુ તમામ પેઢીના દર્શકો સાથે સીધો જોડાવાનો એક ઉત્તમ મોકો હતો. અન્ના આજે માત્ર એક એક્ટર નથી પરંતુ એક સફળ બિઝનેસમેન અને ફિટનેસ આઇકોન પણ છે. તેઓ પોતાની મરજી અને સ્ક્રિપ્ટની મજબૂતાઈના આધારે જ પ્રોજેક્ટ્સ પસંદ કરે છે. તેથી, ટીવી શોમાં જજ બન્યા પછી તેમને ફિલ્મો નથી મળી રહી, તે વાત સંપૂર્ણપણે એક અફવા અને ભ્રમણા માત્ર છે.

છેલ્લા કેટલાક સમયમાં સુનિલ માત્ર ફિલ્મો જ નહીં પરંતુ OTT પ્લેટફોર્મ પર પણ ધમાકેદાર વેબ સીરીઝ દ્વારા સતત એક્ટિવ રહ્યા છે. કેસરી વીર (મે ૨૦૨૫): વર્ષ ૨૦૨૫ના મે મહિનામાં રિલીઝ થયેલી આ એક ઐતિહાસિક અને એક્શન-ડ્રામા ફિલ્મ છે, જેમાં સુનિલએ ફરી એકવાર પોતાની શાનદાર એક્શન ક્ષમતાનો પરિચય આપ્યો છે.

વેલકમ ટુ ધ જંગલ આ સુનિલની સૌથી મોટી અને મોસ્ટ અવેટેડ આગામી ફિલ્મોમાંની એક છે, જે જૂન ૨૦૨૬માં રિલીઝ થવા માટે લાઇન-અપ છે. ‘વેલકમ’ ફ્રેન્ચાઈઝીની આ ત્રીજી ફિલ્મ એક બિગ-બજેટ એક્શન-કોમેડી છે, જેમાં અક્ષય કુમાર, સંજય દત્ત, રવીના ટંડન, અરશદ વારસી અને જેકલીન ફર્નાન્ડીઝ જેવા કલાકારોની વિશાળ ફોજ સાથે સુનિલ મુખ્ય ભૂમિકામાં ધમાલ મચાવશે. •



**એક સમય હતો જ્યારે ભારતીય સિનેમામાં એવી માન્યતા હતી કે જો કોઈ મોટો કલાકાર ટેલિવિઝન પર દેખાવા લાગે, તો મોટા પડદા પર તેનો ક્રેઝ ઓછો થઈ જાય છે અથવા તેને ફિલ્મોમાં કામ મળતું નથી. પરંતુ આજના આધુનિક યુગમાં આ માન્યતા તદ્દન ખોટી સાબિત થઈ છે.**

# જો આ ‘લાઈટ-કેમેરા-એક્શન’ ન હોત તો?
# કાજલ અગ્રવાલ

RAPID FIRE

**સવારની પહેલી નજર કોના પર હોય છે?**
દુનિયા માટે ભલે હું સ્ટાર હોઉં, પણ મારા દિવસની શરૂઆત તો મારા દીકરાનો ચહેરો જોઈને જ થાય છે!

**સૌથી વધુ ડર શેનો લાગે?**
હું ફિલ્મોમાં ભલે ગમે તેટલી નીડર હોઉં, પણ રિયલ લાઈફમાં ઊંચાઈ થી પરસેવો છૂટી જાય છે!

**જો આ ‘લાઈટ-કેમેરા-એક્શન’ ન હોત તો?**
તો કદાચ હું કોઈ મોટી કોર્પોરેટ કંપનીમાં માર્કેટિંગ હેડ તરીકે ટાર્ગેટ પૂરા કરતી હોત!

**વિજય કે રામ ચરણ? ફેવરિટ કોણ?**
આ તો ધર્મસંકટ છે! પણ હા, વિજય અને રામ ચરણ બંને મારા ઓલ-ટાઇમ ફેવરિટ છે.

**પડદા પર તો ઘણા સિંઘમ જોયા, પણ રિયલ લાઈફ સિંઘમ કોણ?**
કોઈ શંકા વગર... મારા પિતા!

**ઇન્સ્ટાગ્રામનું સ્કોલિંગ કે બુક્સનું રીડિંગ?**
સોશિયલ મીડિયાના જમાનામાં પણ હું બુક્સની દીવાની છું.

**એવી કઈ બે વસ્તુ છે જેના વગર તમે ઘરની બહાર ડગલું પણ નથી માંડતા?**
મારો ફોન અને મારું લિપ બામ!

**સૌથી વિચિત્ર ગિફ્ટ કઈ?**
હા, જ્યારે કોઈ લોહીથી લખેલો લેટર આપે ત્યારે ખરેખર ધ્રુજારી છૂટી જાય છે. પ્રેમ કરો, પણ આવી રીતે નહીં!

**હીરોમાં શું જોશો? સિક્સ પેક એપ્સ કે પાવરફુલ પરફોર્મન્સ?**
દેખાવ તો ક્ષણિક છે, મને તો હીરોની એક્ટિંગ જ આકર્ષે છે.

**બોલિવૂડની ચમક કે ટોલિવૂડનો દબદબો?**
મારું દિલ તો હંમેશા ટોલિવૂડ માટે જ ધબકે છે.

**ગ્લેમરસ મેકઅપ કે નો-ફિલ્ટર લુક?**
ચોક્કસપણે નેચરલ લુક. સાદગીમાં જ સુંદરતા છે.

**રેડ કાર્પેટ પર સાડી કે વેસ્ટર્ન ગાઉન?**
ભારતીય નારી અને સાડીનું કોમ્બિનેશન હંમેશા બેસ્ટ છે!

**થિયેટરની સીટીઓ કે ઘરનો સોફો? (ફિલ્મો કે વેબ સીરીઝ?)**
ગમે તે કહો, પણ ફિલ્મોનો જે જાદુ છે એ વેબ સીરીઝમાં નથી.

**સ્ટાઈલિશ હીલ્સ કે કમ્ફર્ટેબલ સ્નીકર્સ?**
હું ભાગતી-દોડતી છોકરી છું, એટલે મને સ્નીકર્સ જ પસંદ છે! •

